GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established Under Gujarat Act No.: 20 of 2007)
ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)

**Ref. :** જીટીયુ/યોગ દિન/૨૦૧૫/૫૯૮૬ **Date : 17/06/2015**

## પરિપત્ર :

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના હેડ ક્વાર્ટર ચાંદખેડા ખાતે આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી તા. ૨૧-૬-૨૦૧૫ ના રોજ સવારે ૬-૩૦ કલાકથી ૮-૦૦ કલાક સુધી યુનિવર્સિટીના સ્ટાફ, વિદ્યાર્થીઓ અને નાગરિકો દ્વારા કરવામાં આવનાર છે. જેમાં જીટીયુ ઝોન-૧ અને ૨ ની કોલેજોના વિદ્યાર્થીઓ (કોલેજ દિઠ ૧૦ વિદ્યાર્થીઓ તથા ૨ ફેકલ્ટી) તથા વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ પણ આવનાર છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૧) યોગ કરનાર શિબિરાર્થીઓ ખૂલતાં, સફેદ વસ્ત્રો ધારણ કરીને આવે તે ઈચ્છનીય છે. ભારતીય સંસ્કૃતિને ન છાજે તેવી ટૂંકી ચડ્ડી, બરમુંડા વગેરે પહેરીને ભાગ લેવો નહીં.

(૨) મહિલાઓએ જીન્સ કે ફીટ કપડાં પહેરવાને બદલે પંજાબી ડ્રેસ પહેરવાથી અનુકૂળતા રહેશે.

(૩) યોગના શિબિરાર્થીઓએ સવારે ૬-૩૦ કલાકે ખાલી પેટે અચૂક પહોંચવાનું રહેશે.

(૪) સવારે ૬-૩૦ કલાકે સૌ પ્રથમ માન. વડાપ્રધાનશ્રીનો યોગ અંગેનો સંદેશ પ્રસારીત કરવામાં આવશે, અને ૭-૦૦ કલાકથી ૭-૩૩ કલાક સુધી યોગનો કાર્યક્રમ બાઈસેગ દ્વારા પ્રસારીત થશે. તે જ વખતે શિબિરાર્થીઓએ યોગ કરવાનો રહેશે. લકુલીશ યોગ યુનિવર્સિટીના તજજ્ઞો દ્વારા યોગ કરાવવામાં આવશે.

(૫) શિબિરાર્થીઓ શેતરંજી સાથે લાવે તે ઈચ્છનીય છે.

(૬) જીટીયુ સંલગ્ન તમામ કોલેજોએ તા. ૨૧-૬-૨૦૧૫ ના કાર્યક્રમનું રીપોર્ટીંગ તે જ દિવસે બપોરે ૨-૦૦ કલાક સુધી ૨૫૦ શબ્દોમાં લિંક http://goo.gl/forms/F1PobvYjD6 પર કરવું, તથા ૪ ફોટોગ્રાફ yogacteguj@gmail.com ઉપર ઈ-મેઈલ મોકલીને કરવાનું રહેશે.

**નોંધ :** આ યોગદિન કાર્યક્રમમાં જી.ટી.યુ.ના તમામ સ્ટાફે ફરજીયાત હાજર રહેવાનું રહેશે.

**કા. કુલસચિવ**

**પ્રતિ,**

(૧) તમામ આચાર્ય/ટ્રસ્ટીશ્રી (જી.ટી.યુ. સંલગ્ન કોલેજ/સંસ્થા) તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
(૨) તમામ કર્મચારી/અધિકારીઓ - જી.ટી.યુ. તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
(૩) ડૉ. રામસિંહ રાજપૂત, મુખ્ય હિસાબી અધિકારી તેમજ કૉ-ઓર્ડિનેટર, વિશ્વ યોગદિન ઉજવણી સમિતિ, જીટીયુ. તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
(૪) પી.એ./પી.એસ. ટુ માન. કુલપતિશ્રી
(૫) પી.એ. ટુ કુલસચિવશ્રી
(૬ શાખા ફાઈલ (મહેકમ)